# મનપાનું ૬૫ કરોડની પુરાંત ધરાવતું બજેટ પસાર

**સુખાકારી આપનારુ કે લોકોને સ્પર્શતું બજેટ નથી, વાઈ-ફાઈના ૨૨ કરોડ ખર્ચ્યા પણ વાઈફાઈ સીટી બન્યુ નથી, નવેસરથી બજેટ રજૂ કરો : જીતુ રાયકા ● ગ્રામીણ વિસ્તારોમાં કોમ્યુનિટી હોલ બનાવો : મકવાણા ● માર્ગોની મરામતમાં ગુણવત્તા જળવાતી નથી : પિન્કી પટેલ ● નાના શોપીંગોમાં જાહેર શૌચાલયની સુવિધા આપો : રાકેશ પટેલ ● ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત રીતે ડોર ટુ ડોર કચરાનું કલેક્શન થતું નથી : મીનાબા વાઘેલા ● બજેટ ભ્રામકતા વધારનારું છે : ચીમન વિંઝુડા**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાનું રૂ. ૬૫ કરોડની પુરાંત ધરાવતું બજેટ બહુમતિથી પસાર કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાની આજે મેયર પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ સામાન્ય સબામાં પોણા બે કલાકની





ચર્ચાને અંતે કોંગ્રેસની કાપ, વિકાસ દરખાસ્તોને બહુમતિથી ફગાવી દેવામાં આવી હતી.

આજે મનપાની સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે સ્થાયી સમિતિએ કરેલા સુધારા સાથેનું બજેટ રજૂ કરી તેની નકલ મેયર તેમજ કમિશનરને આપી હતી.

ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ નાબુદ કરવાની માંગ સાથે ચર્ચાનો આરંભ કરતાં વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ રજૂઆત કરી હતી કે પાટનગરપાસીઓની આવકના સ્ત્રોત મર્યાદિત છે ત્યારે આવુ આર્થિક ભારત યોગ્ય નથી. તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે સફાઈની એક માત્ર સેવા આપણી પાસે હોવા છતાં આપણે ૧૦૦ ટકા સુધી પહોંચી શક્યા નથી. વેરાના ભારણ લાગુ કરતાં લોકો પાસેતી સૂચનો પણ મેળવ્યા નથી કે સેવાની કામગીરીની સમીક્ષા પણ કરી નથી.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ કમિશનર અને સ્થાયી સમિતિની મિલીભગત હોવાનો આક્ષેપ કરી કહ્યું હતું કે, હું આટલું સુચવીશ તમે આચલો ફેરફાર કરજો. આ બજેટમાં એક પણ પ્રજાલક્ષી કામ સૂચવવામાં આવ્યું નથી. સફાઈ પણ પુરી થતી નથી. આ સંજોગોમાં વેરો યોગ્ય નથી.

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતા સર્વેક્ષમાં આપણે ૧ થી ૨૦માં આવ્યા હતા તે વાત ભૂલવી જોઈએ નહિ. સેવાઓ ઉત્તમ છે જ અને વધુ સારી બનાવવા અમે સંકલ્પબદ્ધ છીએ. તેમણે કહ્યું કે, સફાઈ પાછળ ૪ કરોડથી વધુનો ખર્ચ થાય છે એ ખર્ચને પહોંચી વળવા આ કર લાગુ કરવો જરૂરી બન્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, ક્ષેત્રફળ આધારિત વેરો લાગુ કરાયો છે. સિમીત આવક ધરાવનારા વર્ગને બહુ અસર ના થાય તેની કાળજી પણ લેવામાં આવી છે. એટલે જ રોજનો એક રૂપિયા દર રાખવાનો નિર્ણય કર્યો છે. બીજુ ૧૦૦ ચો.મી. નહિ પણ ૧૫૦ ચો.મી. પછી જ આ દર લાગુ થવાનો છે એટલે ૪૦ હજાર જેટલી મિલકતોને રાહત થવાની જ છે.

આ સ્પષ્ટતા પછી દરખાસ્ત મતદાન પર મુકવામાં આવી હતી જેનો ૧૭ વિરુદ્ધ ૧૫ મતે નામંજુર કરી સ્થાયી સમિતિની દરખાસ્ત મંજુર રાખવામાં આવી હતી.

આ પછી વિપક્ષ તરફથી મળેલી છ જેટલી વિકાસ દરખાસ્તો પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં સંત સરોવર ખાતે આત્મહત્યાના બનાવોમાં બચાવની કામગીરી માટે એક સ્પીટ બોટ વસાવવાની દરખાસ્ત શૈલેન્દ્રસિંહ બિહોલાએ કરી હતી.

કોંગ્રેસના હસમુખ મકવાણાએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તારોમાં કોમ્યુનિટી હૉલ બનાવવા માટે ઉગ્ર રજૂઆત કરી હતી.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ સ્માર્ટ લાયબ્રેરી બનાવવા માટે રજૂઆત કરી હતી. આ ઉપરાંત દરેક વૉર્ડમાં એક પ્રાથમિક શાળા દત્તક લઈ સ્માર્ટ બનાવવા માટે રજૂઆત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ માટે આ બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. તેમણે ગ્રામ્ય વિસ્તારને કરાતા અન્યાયને ટાંકી જણાવ્યું હતું કે, આ વિસ્તારના વિકાસ માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી જ નથી કે જોગવાઈ પણ કરાઈ નથી.

હસમુખભાઈ મકવાણાએ ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવા માટે ઉગ્ર રજૂઆત કરી જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારમાં સામુહિક વિકાસના આ કામને અગ્રતા આપવામાં સત્તાવાળાઓ મ્હો કેમ છુપાવી રહ્યા છે. પહેલાં ગ્રામીણ વિસ્તારમાં બોર બનાવવાની વાત કરી હતી પણ હજુ કશુ થયું નથી.

કોંગીના જીતુ રાયકાએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે, વાઈફાઈની મોટે મોટેથી વાતો કરી રૂ. ૨૨ કરોડ જેટલો માતબર ખર્ચ કર્યા પછી આજે પણ વાઈફાઈ સીટી બની શક્યું નથી.

● અનુસંધાન પાન-૭ પર

## મેયરે વહીવટીય કૌશલ્ય દાખવ્યુ

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં બજેટ પરની ચર્ચાઓ દરમિયાન મેયર પ્રવિણ પટેલે વહીવટીય કૌશલ્ય પુરવાર કર્યું હતું. તેમણે બજેટ પરની ચર્ચા પહેલાં સ્માર્ટ સીટી અંતર્ગત હેરના વિકાસ કામોનો ઉલ્લેખ કર્યો હતો અને ગાંધીનગર શહેરના વિકાસ માટે રાજકીય અવલોકન સિવાય માત્ર ને માત્ર બજેટ અને તેની જોગવાઈઓ પર જ ચર્ચા કરવાનો આગ્રહ કર્યો હતો.

કરવેરાની દરખાસ્તોના મતદાનમાં ઉતાવળા થયેલા ભાજપના સભ્યોને તેમણે હળવેકથી ટપારી કહ્યું હતું કે, સાંભળો તો ખરા ? પછી મતદાન કરો.

મેયરે આજે બજેટ પરની ચર્ચાને પણ ત્રણ ભાગમાં વહેંચી હતી. જેમાં કરવેરા માટેની રજૂઆતો, આ પછી સભ્યો તરફથી મળેલ દરખાસ્તો પરની રજૂઆતો અને છેલ્લે બજેટ પરની સામાન્ય ચર્ચા.

મેયરે આજે પણ સભાગૃહના સંચાલનમાં પણ કોંગ્રેસના સભ્યોને ટપારી જણાવ્યું હતું કે, સભાનું ગૌરવ જાળવવું એ આપણા સૌની વાત છે. ગરિમાના ભોગે સભા ખોરવવાનો પ્રયાસ કરો નહિ.

## ચર્ચા દરમિયાન ત્રણ વખત મતદાન થયું

મનપાની સામાન્યસભામાં બજેટ પરની ચર્ચા દરમિયાન ત્રણ વખત મતદાન કરવામાં આવ્યું હતું. પ્રથમ કરવેરાની દરખાસ્તો પર મતદાન કરવામાં આવ્યું હતું. આ પછી સભ્યોએ રજૂ કરેલી વિકાસની દરખાસ્તો પર મતદાન કરવામાં આવ્યું હતું. છેલ્લે બજેટની મંજુરી માટે મતદાન કરવામાં આવ્યું હતું.

મેયરે બજેટ સર્વાનુમતે મંજુર કરવા આગ્રહ કર્યો હતો ત્યારે વિપક્ષી નેતા બિહોલા અને જીતુ રાયકાએ દરખાસ્તોનો સ્વીકાર કરો તો સર્વાનુમતે મંજુર કરીએ તેમ કહ્યું હતું.

## ચર્ચામાં ૧૦ સભ્યોએ ભાગ લીધો

મનપાની સામાન્ય સભામાં બજેટ પરની ચર્ચામાં ૧૦ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં વિપક્ષના સભ્યો વધુ એટલે કે ૮ સભ્યોએ ભાગ લીધો હતો જ્યારે સત્તાધારી પક્ષ તરફથી ૨ સભ્યોએ ભાગ લીધો હતો. કોંગ્રેસ તરફથી શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, જીતુ રાયકા, અંકિત બારોટ, પિન્કીબેન પટેલ, મીનાબા વાઘેલા, રાકેશ પટેલ અને ચિમનભાઈ વિંઝુડાનો સમાવેશ થાય છે. જ્યારે ભાજપ તરફથી કાર્તિક પટેલ અને ધીરૂભાઈ ડોડિયાએ ચર્ચામાં ભાગ લીધો હતો.

## બજેટ બેઠક ૧ કલાક ૪૫ મિનિટ ચાલી

ગાંધીનગર મહાનગરપાલિકાની બજેટ બેઠક આજે ૧ કલાક અને ૪૫ મિનિટ ચાલી હતી. જે મનપાના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધુ ચાલેલી બેઠક છે. આ બજેટ બેઠકમાં સભાખંડમાં પાછળ બેઠેલા પત્રકારોએ વારંવાર સંભળાય તે રીતે માઈકનો ઉપયોગ કરી બોલવા જણાવતાં મેયરે એક તબક્કે સભ્યોને બેસી અને બોલવાની પણ છૂટ આપવાની તૈયારી દર્શાવી હતી.

## બંને પક્ષોએ વ્હીપ આપ્યા નહિ

મનપાની આજે મળેલ સામાન્ય સભામાં બજેટ પરની ચર્ચા હોવા છતાં ભાજપ કે કોંગ્રેસ બંને પક્ષોએ તેમના સભ્યોને મેન્ડેડ આપવાનું ટાળ્યું હતું. જો કે બજેટ ૧૭ વિરૂદ્ધ ૧૫ મતે પસાર કરવામાં આવ્યું હતું.

બંને પક્ષોએ ટાળેલા મેન્ડેડને લઈ રાજકીય વર્તુળોમાં હળવી ચર્ચાનો દોર પણ ચાલ્યો હતો.

## મેયર અને ચેરમેન સિવાય કોઈએ બજેટ સારુ હોવાનું ભાજપમાંથી કહ્યું નથી : રાયકા

બજેટ પરની ચર્ચા દરમિયાન કોંગીના જીતુ રાયકાએ કહ્યું કે, મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન સિવાય ભાજપના એક પણ સભ્યએ બજેટ સારુ છે એવું જાહેરમાં કે આજની બેઠકમાં પણ કહ્યું નથી એ જ બતાવે છે કે, બજેટ પ્રજાલક્ષી કે સુખાકારી આપનારું નથી. માટે નવેસરથી બજેટ બનાવો અને તેમાં અમારી દરખાસ્તો સમાવી તેને રજૂ કરો. અમારી દરખાસ્તો સારી છે એવું ચેરમેને પણ તેમના પ્રત્યુત્તરમાં સ્વીકાર્યું છે. જોકે રાયકાની આ ટીકા પછી ભાજપના કાર્તિક પટેલ, નાઝાભાઈ ઘાંઘર, નીતિન પટેલ બધા બોલ્યા હતા કે, બજેટ સારુ છે. કાર્તિક પટેલે તો બજેટની જોગવાઈઓને આવકારી જણાવ્યું હતું કે, વિકાસનો અભિગમ ધરાવતું તેમજ આંતર માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણની દિશામાં આગળ વધવાની વાતો આ બજેટમાં છે પણ કોંગ્રેસને તે વાત નહિ સમજાય.

# શહેરના જુના સેકટરોમાં સોસાયટીના આંતરિક માર્ગોનુ કામ હજુ બાકી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરમાં આંતરિક માર્ગોની કામગીરી પુર્ણતાના આરે છે. શહેરના મોટાભાગના સેકટરોમાં રીંગ રોડ સહીત નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આગામી મહીના સુધીમાં માર્ગ સુધારણાનુ કામ પુર્ણ થઈ જશે. જો કે હજુ સે-૨૦ થી ૩૦ માં સોસાયટીના આંતરિક માર્ગોનુ કામ થઈ શક્યુ નથી. આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જુના સેકટરોના રીંગ રોડ સિવાય રહેણાંક વિસ્તારની સોસાયટીમાં રસ્તાના કામો બાકી છે. જુના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા પાછળ રૂ ૨૦ કરોડના ખર્ચને મંજુરી આપવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે.

**માર્ગ સુધારણાની કામગીરી પાછળ રૂ ૨૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ**

ગાંધીનગરમાં પાંચ વર્ષના અંતે નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. જયાર ગત દિવાળી બાદ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે આગામી માર્ચ મહીનામાં સેકટરોમાં મોટાભાગના રસ્તાઓનુ કામ પુર્ણ થઈ જશે તેમ પણ મનાઈ રહયુ છે. હાલ નવા સેકટરોમાં સે-૩ ખાતે માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. જયારે હજુ આ કામ પુર્ણ તા સમય લાગે તેમ છે. ત્યારે નગરના જુના સે-૨૦ થી ૩૦ માં પણ સેકટરોના રીંગ રોડ સહીતના માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. પરંતુ સેકટરોની સોસાયટીના આંતરિક માર્ગોનુ કામ હજુ બાકી છે. આ કામગીરી માટે નવા ખર્ચને મંજુરી આપવામાં આવે ત્યારબાદ જુના સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી હાથ ધરવામાં આવશે.જુના સેકટરોમાં સોસાયટીના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાતાવરણમાં અચાનક ગરમીનુ જોર વધ્યુ : પારો ૩૨.૫ ડિગ્રી

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ઠંડી આક્રમક સ્વરૂપ ધારણ કર્યા બાદ છેલ્લા બે દિવસથી એકાએક વાતાવરણમાં બદલાવ જોવા મળી રહયો છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨ ડી ગ્રીને પાર કરી જતા નગરજનોએ આજે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૧૪ ડી ગ્રી રહયુ હતુ. જેના લીધે રાત્રિના સમયે ગુલાબી ઠંડી અનુભવાઈ હતી. બેવડી ઋતુની અસર વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. મહત્તમ તાપમાન ઉંચુ આવવાની સાથે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

**ગરમીનો પારો ઉંચકાતા દિવસે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ : રાત્રિના ગુલાબી ઠંડક**

શહેરમાં ગત દિવસોમાં ઠંડીનુ જોર વધતા વળતો શિયાળો વધુ આક્રમક બન્યો હતો. જયારે આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ.ગત માસ દરમિયાન પણ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગરજનો સુન્ન થઈ ગયા હતા. જો કે થોડા સમય સુધી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે વળતા શિયાળે અચાનક જ ઠંડીનુ જોર વધતા શહેરીજનો ફરી ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. સતત બદલાતા મોસમના મિજાજના લીધે શહેરીજનો વારંવાર બેવડી ઋતુનો ભોગ બની રહયા છે. બીજીતરફ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અચાનક જ ગરમીનુ પ્રમાણ વધતા દિવસ દરમિયાન ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ થાય છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૨.૫ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. દિવસ દરમિયાન નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી. બપોરના આકરા તાપમાં નગરજનો પરસેવે ભીંજાયા હતા. જયારે ઓફિસ અને ઘરોમાં એસી અને પંખા ધમધમતા થઈ ગયા હતા. અચાનક જ ગરમીનુ પ્રમાણ વધતા શહેરીજનોએ બેચેની અનુભવી હતી. વાતાવરણમાં વધતુ ગરમીનુ પ્રમાણ ટોક ઓફ ધ ટાઉન બન્યુ હતુ. જો કે રાત્રિના સમયે ગુલાબી ઠંડી અનુભવાઈ હતી. વળતા શિયાળે છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાતા નગરજનો બેવડી ઋતુના અહેસાસ વચ્ચે બેચેની અનુભવી રહયા છે.

# આરટીઓ કચેરીમાં પાર્કીંગ અને દબાણોએ અજગરી ભરડો લીધો

**ટ્રાફિક નિયમનના લીરા : કચેરી બહાર આડેધડ ખડકાતા વાહનો ફરતે દબાણોનો અડ્ડો : આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના નામે મીંડુ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીને જ સમસ્યાઓ ઘેરી વળી છે. આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનનો સરેઆમ ભંગ થાય છે. જયારે આર ટી ઓ તંત્ર અન્ય ઠેકાણેથી ટ્રાફિક નિયમનના ભંગ બદલ કાર્યવાહી કરે છે. આર ટી ઓ કેચરીમાં આડેધડ પાર્ક થતા વાહનોના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. જયારે કચેરી બહાર દબાણોઓએ અડ્ડો જમાવતા પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. આમછતા આ દબાણો કોઈને દેખાતા નથી. કચેરી બહાર દબાણો તેમજ આડેધડ વાહન પાર્કીંગ કરી દેવાતા સ્થાનિક રહીશો પણ ગુંગળામણ અનુભવી રહયા છે.

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી છેલ્લા ઘણાં સમયથી સમસ્યાઓનુ ઉદભવ સ્થાન બની છે. આર ટી ઓ કચેરી ટેકનિકલ સમસ્યાથી ગ્રસ્ત હોવાથી વારંવાર અરજદારોના કામ અટવાતા હોવાની બુમ ઉઠવા પામે છે. જયારે મેન પાવરના અભાવ વચ્ચે અરજદારોના કામો પણ જલદી નિપટતા નથી. આર ટી ઓ કેચરીના પ્રવેશદ્વારેથી જ સમસ્યાની શરૂઆત થઈ જાય છે. આડેધડ ખડકાયેલા વાહનોના લીધે માર્ગ વચાળે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. બીજીતરફ માર્ગ સલામતીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. આવા સંજોગોમાં વાહનો નજીક જુદા જુદા દબાણોએ પણ ભરડો લીધો છે. જેના લીધે પૈડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. શહેરમાં દબાણ હટાવ ઝુંબેશના નામે અનેકવાર અભિયાન હાથ ધરવામાં આવે છે. આમછતા નગરના મુખ્ય ગ માર્ગ પર ખડકાયેલા દબાણો તંત્રના ધ્યાને ચઢતા નથી. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. માર્ગને અડીને જ કોર્મશિયલ વૃતિ પ્રવૃતિનો ધમધમાટ જોવા મળી રહયો છે. લારી ગલ્લાની લાઈન લાગી છે. જેના લીધે સાંકડા ગ માર્ગ પર માર્ગ સલામતી વધુ જોખમાઈ છે. એકબાજુ માર્ગ વચાળે ખડકાયેલા વાહનો અને તેની ફરતે દબાણો ગોઠવાતા દિવસ દરમિયાન ગ માર્ગના પ્રવેશદ્વાર પર ટ્રાફિકની સમસ્યા શિરદર્દ બની છે. આવા સંજોગોમાં પૈડા પરની જિન્દગી પણ જોખમી બની છે. ટ્રાફિક નિયમનની કામગીરી અંગે સર્તક હોવાનો દાવો કરતા આર ટી ઓ તંત્રને કચેરીના આંગણે જ વિકરાળ બનીત સમસ્યા દેખાતી નથી. નગરને દબાણમુકત કરવાની વાતો વચ્ચે દબાણતંત્રુ પણ આ બાજુ ફરકતુ નથી.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. નંદાબેન અર્જુનભાઈ પરમાર**

સ્વ. તા. ૧૮/૨/૨૦૧૭

ચંદન જેમ ઘસાઈ, જીવન પુલકિત કરતી ગઈ
અગરબત્તી જેમ સળગી, જીવન સુવાસિત કરતી ગઈ
હૃદયના એ ગમને ચહેરાના હાસ્યમાં છુપાવતી ગઈ
હરિનું સ્મરણ કરતાં, હરિમાં સમાઈ ગઈ
પ્રભુ તારા આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના...

લી.

આશાબેન કિશોરકુમાર રાઠોડ
ભારતીબેન ગીરીશકુમાર ત્રિવેદી
રક્ષાબેન પ્રકાશકુમાર સોલંકી



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN® · ashirvad · BENELAVE™ · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com